R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં. (મો).૯૮૨૫૧૬૯૩૮૯

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦(૩૦૮) સોનિયા
એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 21•ISSUE: 50 DATE: 16-12-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## પ્રજાની બેન્કોમાં પડેલી ફિક્સ ડીપોઝીટને સરકાર ઉની આંચ નહી આવવા દેની ખાત્રી આપતાં કેન્દ્રીય નાણાંમંત્રી અરુણ જેટલી

કેન્દ્રીય નાણાં મંત્રી અરુણ જેટલીએ કહ્યુ હતું કે ભારત સરકાર હાલ ફિસ્કલ કોન્સોલિડેશનના માર્ગ પર ચાલી રહી છે.બીજા ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસનું ચિત્ર પલટાયું છે.વિકાસ દર ઘટવાને બદલે વૃધ્ધિની દિશામાં ગતિ કરી રહ્યો છે.સરકાર દેશના લોકોની બેન્ક ડીપોઝીટ્સને ઊની આંચ આવવા દેશે નહીં. આમ તેમણે ફાઇનાન્સિયલ રેઝોલ્યુશન એન્ડ ડીપોઝીટ્સ ઇન્સ્યોરન્સ બિલ અંગે લોકોની શંકા દુર કરી હતી.સરકાર બેન્કોમાં પડેલા લોકોના પૈસાનું પુરેપુરુ રક્ષણ કરશે.ફિસ્કલ કોન્સોલિડેશનના નવા તબક્કામાં રાજકોષીય ખાધ ૨૦૧૫-



૧૬માં જીડીપીના ૩.૯ ટકા અને ૨૦૧૬-૧૭માં ૩.૫ ટકા રહી હતી.

એફઆરડીઆઇ બિલ અંગે જેટલીએ કહયું હતું કે ડ્રાફ્ટ નોની જોગવાઇઓ અંગે કેટલાક લોકો દ્વારા ખોટી અફવા ફેલાવાઇ રહી છે.સરકારે સરકારી બેન્કોને મજબુત કરવા માટે રુ.૨.૧૧ લાખ કરોડ ફાળવ્યા છે.આમ બેન્કો કાચી પડવાની કે નાદારા થવાનો સવાલ જ નથી.જો આવી કોઇ સ્થિતિ સર્જાસે તો સરકારબેન્કોમાં રહેલા લોકોના પૈસાનું પુરેપુર રક્ષણ કરશે. હાલ આ બિલ સંસદની સમિતિની વિચારણા હેઠળ છે.તે જે સુધારા સુચવશે તેને ધ્યાનમાં લેવાશે.બિલનો હેતુ બેન્કોર,વીમા કં.નાદાર બનતી રોકવાનો છે.

## પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહની ઉપર આક્ષેપો કરનારાઓને શરમ આવવી જોઇએ: શરદ પવાર

મણીશંકર ઐયરના ઘેર યોજાયેલા ભોજન સમારંભમાં પાકના રાજદ્વારીઓ સાથે પુર્વ પીએમ મનમોહનસિંહની હાજરી સામે સવાલો ઉઠાવી તેને ભાજપ સામેનું કાવતરુ ગણાવી વડાપ્રધાન મોદીએ મનમોહનસિંહ પર ખોટા આક્ષેપો કર્યા છે.નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી(એનસીપી)ના વડા શરદ પવારે આવા આક્ષેપો કરવા માટે મોદીની આકરા શબ્દોમાં ટીકા કરી હતી અને કહ્યુ હતું કે મનમોહનસિંહ પર આક્ષેપો કરતાં તમને શરમ આવવી જોઇએ. ડિનરને ઈરાદાપુર્વક કાવતરુ ઘડવા માટેની બેઠક ગણાવનાર પીએમ મોદીની શરદ પવારે આકરી ટીકા કરી હતી.મોદી સરકારે ખેડુતો અને દેશના અન્ય પ્રશ્નો તો ઉકેલ્યા જ નથી. મોદીએ વડાપ્રધાન પદની ગરિમા ખરડાવી છે તેમ પવારે કહ્યુ હતું.

## કોગ્રેસના અધ્યક્ષ પદે રાહુલ ગાંધી ચુંટાયા



ભારતીય રાજકારણની સૌથી જુની પાર્ટીના અધ્યક્ષસ્થાને રાહુલ ગાંધી ચુંટાઇ આવ્યા હતા.રાહુલ ગાંધી દ્વારા ભરવામાં આવેલા તમામ ૮૯ નામાંકનપત્રો યોગ્ય જણાંતા તેમને નિર્વિરોધ અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.કોગ્રેસના કેન્દ્રીય ચુંટણી અધિકારી એમ.રામચંદ્રને જણાવ્યુ હતું કે રાહુલ ગાંધીને નિર્વરોધ રીતે કોગ્રેસના અધ્યક્ષ જાહેર કરવામાં આવ્યા છે.અધ્યક્ષ તરીકેનો ચાર્જ તેઓ તાત્કાલિક સંભાળી રહેશે.સોનિયા ગાંધીએ ૧૯૯૮માં કોગ્રેસનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું.૧૯ વર્ષ બાદ તેઓ પોતાનું પદ રાહુલ ગાંધીને સોંપશે.કોગ્રેસમાં યુવા યુગની શરુઆત થઇ છે.

રાહુલ ગાંધી ૪૭ વર્ષની વયે કોગ્રેસ પ્રમુખ થયા છે.તેમની સામે પોતાના પરિવારની પરંપરા જાળવવાનો અને પક્ષને જાળવવાનો મોટો પડકાર છે.દેશમાં ૨૦૧૯માં આવનારી લોકસભાની ચુંટણીમાં કોગ્રેસ પક્ષને પાછો સત્તા પર લાવવાનો પડકાર તેમણે ઉપાડવાનો રહેશે.કોગ્રેસ અધ્યક્ષ પદે જવાહરલાલ નહેરુ, ઈન્દીરા ગાંધી,રાજીવ ગાંધી, અને સોનિયા ગાંધી પક્ષના પ્રમુખ રહી ચુક્યા છે.હવે આ પદ પર રાહુલ ગાંધીની તાજપોશી થઇ ચુકી છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પુરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૯-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ગુજરાતમાં ચુંટણી જીતવા પાકિસ્તાનને ઢસેડવું અયોગ્ય નીતિ : શિવસેના



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં કોગ્રેસના નેતાઓ સામે વાહિયાત આક્ષેપો કરવાની સાથે પાકિસ્તાનને ચુંટણી ઢસેડવાનો પ્રયત્ન કર્યો છે તે નિંદનીય છે તેવું શિવસેનાએ જણાવ્યુ હતું.

શિવસેનાએ જણાવ્યુ હતં કે એ પ્રકારનો ચુંટણી જીતવાનો પ્રયાસ એ કે દુષ્ટ ઉપાય છે.વડાપ્રધાન પગલાં લેવા માટે હોય છે. આક્ષેપો કરવા માટે નથી તેવો અભિપ્રાય આપતાં શિવસેનાએ મોદીની ટીકા કરી હતી અને કહ્યુ હતું કે ગુજરાત હવે કાશ્મીરથી વધુ મહત્વનું બની ગયું છે.ગુજરાતમાં એક ચુંટણી રેલીને સંબાધતા મોદીએ કહ્યુ હતું કે પાક. ગુજરાતની ચુંટણીમાં પ્રભાવ પાડવા પ્રયાસ કરી રહ્યું છે.તેમણે દાવો કર્યો હતો કે પાકિસ્તાનના કેટલાક અધિકારીઓ અને પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ વચ્ચે મુલાકાત થઇ હતી. મુખ્યપત્ર સામનામાં શિવસેનાએ લખ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની ચુંટણીમાં દરમિયાનગીરી કરી રહ્યા છે.

જો કે કોઇ પણ આધાર પુરાવા વગર આવી સ્ટોરીઓ કરીને લોકોને ગેરમાર્ગે દોરવા એ ભાજપની વર્ષો જુની થીયરી છે.અને એક નેતા જ્યારે આવી રજુઆત કરે ત્યારે તેમના કાર્યકરોનો સમુહ તેમાં જોરશોરથી વધુ મસાલા ઉમેરીને સ્ટોરીને આગળ વધારવાનો પ્રયત્ન કરે છે.જુઠ્ઠાણાઓ પ્રચારમાં ભેળવીને ગોબલ્સ પ્રચારની રીત અજમાવીને માત્ર તેમના ભક્તોને ખુશ કરવા માટેની થીયરી યોગ્ય હશે પરંતુ તે દેશના હિતમાં નથી અને પદને યોગ્ય તો નથી જ.પદની ગરિમાને નુકશાન થાય તે રીતે વર્તવું જોઇએ નહીં તેવુ અનેક લોકો કહી ગયા છે. જો કે વડાપ્રધાને જાહેર કરેલી આ વાર્તા પાછળ જે સત્ય છે તેને જાહેર કરવામાં આવ્યું છે અને તેના કારણે આ સ્ટોરી બિલકુલ ચુંટણીલક્ષી છે અને લોકોના વિશ્વાસ સાથે એક પ્રકારની છેતરપીડી છે.જો કે આ બાબતે વડાપ્રધાને માંફી માગવી જોઇએ તેવો સુર વહેતો થયો છે.

## ચીફ જસ્ટીસે વરિષ્ઠ વકીલોની ઉંચા અવાજમાં દલિલો કરવાની રીત સામે ટિપ્પણી કરતાં પ્રેકટીસ છોડવાનો નિર્ણય કરતાં વરિષ્ઠ વકીલ

અદાલતમાં વકીલો દ્વારા ઉંચા અવાજમાં દલીલો કરવાની રીતભાત અંગે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીશ ટીપ્પણી કરતાં નારાજ દેશના વિરષ્ઠ વકીલો પૈકીના રાજીવ ધવને અદાલતમાં વકીલાતનું ક્ષેત્ર છોડી દેવાનો નિર્ણય કર્યો છે.સુપ્રીમ કોર્ટના સિનિયર વકીલે ચીફ જસ્ટીસ દિપક મિશ્રાને પત્ર લખીને કહ્યુ હતું કે દિલ્હી કેસ(સીએમ વિરુધ્ધ એલજી અધિકાર)દરમિયાન અપમાનના કારણે મે પ્રેકટિસ છોડી દેવાનો નિર્ણય લીધો છે.

આ મામલે રાજીવ ધવન દિલ્હી સરકારના પક્ષમાં રહ્યા છે. આ કેસની અંતિમ સુનાવણીના દિવસે ચીફ જસ્ટીસ દિપક મિશ્રાની હાજરીમાં અદાલતમાં જારદાર ચર્ચા થઇ હતી. ભારતના ચીફ જસ્ટીસે દિલ્હી સરકાર પર ચાલી રહેલા વિવાદ અને અયોઘ્યા વિવાદ કેસની સુનાવણીમાં વકીલોની પધ્ધતિ પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે વકીલોને સંયમ રાખવા કહ્યુ હતું. તેમણે કહ્યુ હતું કે જો બાર ખુદને રેગ્યુલેટ ન કરે તો અમે તેને રેગ્યુલેટ કરીશું. ઉંચા અવાજમાં દલીલો કરવાની પધ્ધતિને પણ કોઇપણ રીતે કે કિમતે સહન કરવામાં નહીં આવે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં રાજનેતાઓની ભાષાબાજી,ભાંડણ લીલા અન જુઠ્ઠાણાઓનું મતદારો પર ભારે આક્રમણ,મતદારોને મુઝવી નાંખે તેમ છે.કોઈપણ રમત હોય કે જંગ હોય તેમાં ખાસ પ્રકારના નિયમો હોય છે.પરંતુ હાલમાં કોઇ નિયમોનું પાલન થતું હોય તેમ લાગતું નથી.એવા પ્રકારના જુઠ્ઠાણાઓ ચલાવવામાં આવી રહ્યા છે તેને જોઇને કોઇપણ નીતિ નિયમોમાં માનનારા લોકોમાં ભારે આક્રોશ વ્યાપી જાય.આ વખતે ચુંટણીમાં વિકાસનો મુદ્દો બાજુ પર ચાલ્યો ગયો છે. માત્રને માત્ર ભાંડણલીલા અને જુઠ્ઠાણાઓની વાર્તાઓ રજુ કરવામાં આવી રહી છે.જેથી પ્રજા તેમાં ભોળવાઇ જાય અને મતદાન કરી દે.કેટલાક એવા મુદ્દાઓ છે જેમાં ખાસ ચાલબાજી દેખાઇ રહી છે. પાકિસ્તાનનું નામ,મોગલોનું નામ વિગેરે એવી રીતે રજુ કરવામાં આવી રહ્યા છે જેના કારણે હિદુત્વનો મુદ્દો પાછળથી ચુંટણીમાં ઘુસેડીને તેને એનકેશ કરી શકાય.ઉચ્ચ હોદ્દાઓ પર બેઠેલા નેતાઓની આવી કપટી રાજનીતિ દેશની લોકશાહી માટે શરમજનક છે. વડાપ્રધાનના મીડીયાએ કેટલાક શબ્દો પકડીને તેને ચુંટણીમાં જીતવા માટેનું મોટુ હથિયાર બનાવ્યું છે.તેમણે ભુતકાળમાં કે અન્ય પ્રસંગોએ કરેલી ગાલીગલોચ તેમને યાદ આવતી નથી.ગાલી ગલોચ કર્યા પછી તેમાંથી ફરી જવાની પણ તેમની કાયરતા પણ તેમનામાં છે તે જોઇને આપણુ મસ્તક શરમથી ઝુકી જાય છે.નિમ્ન સ્તર પર પહોચેલી રાજનીતીથી હવે એવું લાગે છે આવી ચુંટણીઓમાં આજ કરવાનું હોય તો પછી દેશનું ભાવિ એવા લોકોના હાથમાં સોંપવું કે જેઓ તદ્દન હલકી કક્ષાના સ્તરે પહોચેલા છે જે કેવી રીતે દેશનું સારુ ચારિત્ર ઘડી શકશે એ ચિંતાનો વિષય છે.

રાજકારણમાં વ્યંગ વિનોદની વૃત્તિ હોય,રમુજીપણું પણ હોય પરંતુ તેનું સ્તર ઉમદા અને ઉચ્ચ કક્ષાનું હોવું જોઇએ.હાલના રાજકારણીઓ પાસે તેની અપેક્ષા રાખવી વ્યર્થ છે.

## મંતવ્ય

મહિલા પંચના વડા સ્વાતિ માલિવાલે જણાવ્યુ હતું કે દેશની રાજધાનીમાં શરાબ માફિયા બેફામ બન્યા છે.એક ઘટનામાં શહેરના નરેલા વિસ્તારમાં દારુનું રેકેટ ઉઘાડુ પાડવામાં પોલીસ અને દિલ્હી મહિલા પંચને મદદ કરનારી મહિલાને શરાબ માફિયાઓએ માર મારી ,કપડાં ફાડી નાંખીને, નગ્ન પરેડ કરાવી હતી.પરિણામે મહિલા પંચના વડાએ કહ્યુ હતું કે આખી સિસ્ટમ નપુંસક બની ગઇ છે.શરાબ માફિયા કોઇની પણ સાથે ગમેતેવો વ્યવહાર કરી શકે છે.તેમણે કહ્યુ કે મને પણ નગ્ન કરો અને સડક પર ફેકી દો,મારી હત્યા કરો.સિસ્ટમ એટલી પાંગળી અને નપુસંક બની ગઇ છે કે કશું પણ બની શકે છે.પરંતુ મને કોઇનો ડર નથી.પરંતુ સિસ્ટમનું મૌન પરેશાન કરે છે.દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ આ ઘટનાને આઘાતજનક ગણાવી હતી.તેમણે દિલ્હીના લે.ગર્વનર અનિલ બૈજલને હસ્તક્ષેપ કરવા કહ્યુ છે.શરાબ માફિયા સાથે મળીને ધંધો કરતાં સ્થાનિક પોલીસ કર્મચારીઓ સામે પગલાં લેવા વિનંતી કરી છે.

ઉપરના સમાચારો જોતાં કાયદો વ્યવસ્થાની જાળવણી માટે ગુલબાંગો પોકારતા આપતાં સત્તાધીશો કેટલા બધા નપાણિયા છે કે એક મહિલા દેશની રાજધાનીમાં નગ્ન કરીને ફેરવવામાં આવે,માર મારવામાં આવે અને બધા ૫૬ની છાતી વાળાઓને શરમ જેવુ કંઇ બચ્યુ છે કે નહીં.જ્યાં મહિલાઓનો આદર થાય છે તે સંસ્કૃતિ મહાન કહેવાય છે.આપણી સંસ્કૃતિને લાંછન લગાડતી ઘટનાઓ સત્વરે વ્યવસ્થિત કરવા સત્તાવાળાઓ જાગે તે જરુરી છે.

મનોજ કે. નાયક


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


# પુર્વ અમેરિકી પ્રમુખ બરાક ઓબામા ભારતની મુલાકાત દરમિયાન જણાવ્યુ રાજકીય નેતાઓ સમાજમાં રહેલા પરિબળોનું પ્રતિબિંબ

અમેરિકાના પ્રમુખપદેથી નિવૃત્ત થયા બાદ ભારતની મુલાકાતે આવેલા પુર્વ પ્રમુખ બરાક ઓબામાએ યોજેલ એક અખબારી પરિષદમાં જણાવ્યુ હતું કે ભારતની મોટાભાગની મુસ્લીમ વસતી પોતાને ભારતીય સમજે છે. ભારત સરકાર અને ભારતના બહુમતી સમાજે મુસ્લીમોના વિકાસ અને તેમને આગળ વધારવા માટે વિશેષ કાળજી લેવી જોઇએ. જેથી તેઓ પોતાને ભારતનો હિસ્સો સમજે.

એચટી લીડરશીપ સમિટને સંબોધન કરતાં ઓબામાંએ ભારતમાં સમુદાયો વચ્ચે કરાઇ રહેલા ધાર્મિક ધ્રુવીકરણના મુદ્દા પર ધ્યાન કેન્દ્રીત કરતાં જણાવ્યુ હતું કે રાજકીય નેતાઓ સમાજમાં રહેલા પરિબળોનું પ્રતિબિંબ છે.જો ભારતના સમુદાયો એમ કહે છે કે તેઓ કોઇપણ પ્રકારના વિભાજનને માન્યતા આપતાં નથી તો આ પ્રકારની વિચારધારા ધરાવતા રાજકીય નેતાઓ મજબુત થશે.

ઓબામાંએ કહ્યુ હતું કે ૨૦૧૫માં હુ ભારતની મુલાકાતે આવ્યો ત્યારે પીએમ મોદી સાથે બંધ બારણાની મુલાકાતમાં બે દરેક વ્યક્તિને પોતાની પસંદગીના ધર્મનું પાલન કરવાના અધિકાર અને ધાર્મિક સહિષ્ણુતાની જરુરીયાત પર ભાર મુક્યો હતો.મે મોદીને કહ્યુ હતું કે દેશને ધર્મના આધારે વિભાજિત કરવો જોઇએ નહીં.તેનાથી લોકોમાં વિભાજન થાય છે અને સમાનતા નાબુદ થઇ જાય છે.

તેમણે કહ્યુ કે ભારત અને અમેરિકામાં ઘણી સામ્યતા છે.બંનેના બંધારણ વી ધ પીપલ એવા ૩ સમાન શબ્દોથી શરુઆત થાય છે. અને દેશર વૈવિધ્યતાસભર મુલ્ય ધરાવે છે.અત્યારે લોકશાહી ભયમાં છે. ભારત અને અમેરિકા વચ્ચેની ભાગીદારી વિશ્વની કોઇપણ સમસ્યાનો ઉકેલ લાવી શકે છે.

# સરકાર દેશના તમામ ઘરોને સાતેય દિવસ ૨૪ કલાક વીજ પુરવઠો મળી રહે તેવાં પગલાં લેવા માટે કમર કરી રહી છે

સરકાર દેશના તમામ ઘરોને સાતેય દિવસ ૨૪ કલાક વિજળીનો પુરવઠો ઉપલબ્ધ કરાવવાની દિશામાં પગલાં લેવા જઇ રહી છે.તે માટે વીજ સુધારા વિધેયક આવી રહ્યું છે.આ સુચિત વિધેયકમાં વીજ વિતરણ કંપનીઓ લોકોના ઘરમાં સાતેય દિવસ ૨૪ કલાક વીજ પુરવઠો ઉપલબ્ધ રહેશે અને તે વીજ કપનીઓ કરાવશે તે શરતને અનિવાર્ય બનાવાશે.શરતનું પાલન ના કરનારી કંપનીઓને દંડ પણ થશે.માર્ચ ૨૦૧૯થી આ સુધારા અમલી બને તેવી યોજના છે.

વીજ અને નવીનીકરણ ઉર્જાપ્રધાન આર.કે.સિંહે જણાવ્યુ હતું કે માર્ચ ૨૦૧૯થી લોકોના ઘરમાં સાતેય દિવસ ૨૪ કલાક વીજપુરવઠો ઉપલબ્ધ રહે તે બાબતને ફરજીયાત બનાવવા કેબિનેટમાં દરખાસ્ત મુકાવામાં આવશે.તકનીકી ખામી કે કુદરતી આફતને બાદ કરતાં વીજ પુરવઠામાં કાપ મુકવાની જોગવાઇ જ નહીં હોય. આ શરતનો ભંગ કરનાર કંપનીનો દંડ કરાશે.

આર.કે સિંહે જણાવ્યુ હતું કે સૌભાગ્ય યોજના અંતગર્ત તમામ ઘર સુધી વીજળી પહોચાડવામાં આવશે. ડિસેમ્બર ૨૦૧૮ સુધીમાં આ લક્ષને આંબવામાં આવશે. તે સાથે સાતેય દિવસ ૨૪ કલાક વીજ પુરવઠો ઊપલબ્ધ કરાવવાની વ્યવસ્થા અમલી બનાવાશે. તે વ્યવસ્થા અંતગર્ત કોઇ વીજ વિતરણ કંપનીને એક વિસ્તાર માટે કોન્ટ્રાકટ મળે તો તેણે ૧૦૦ ટકા જરુરીયાત આધારે વીજ ખરીદી કરવી પડશે.આ બાબતને કાયદામાં થનારા સંશોધનમાં સમાવી લેવામાં આવશે.

આ નવી વ્યવસ્થાના કારણે ગ્રાહકોને વધુ વીજદર ચુકવવા પડશે. તે મુજબના પ્રશ્ન ના ઉત્તરમાં વીજ પ્રધાને કહ્યુ હતું કે વીજદર પર તેની કોઇ અસર થશે નહીં.વીજ ચોરી તેમજ વાણિજ્યકીય નુકશાનને કારણે વીજ દર ઊંચા જણાય છે તે ઘટાડવા પણ પગલાં લેવાઇ રહ્યા છે.કેટલાક રાજ્યોમાં આવું નુકશાન ૨૧ ટકા જેટલું છે.

# ક્રાઇમ રેટના દર પ્રમાણે પાંચ ભાજપ શાસિત રાજ્યોમાં દલિતો વિરુધ્ધ સૌથી વધુ અપરાધ:એનસીઆરબી

ભારતીય જનતા પાર્ટી શાસિત રાજ્યોમાં દલિત અનુસુચિત જાતિ વિરુધ્ધ અપરાધ કેસમાં વૃધ્ધિ નોંધાઇ છે.રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યુરો(એનસીઆરબી) દ્વારા આપવામાં આવેલા આંકડા મુજબ દલિતો વિરુધ્ધ અપરાધ વધુ થતા હોય તેવા રાજ્યોમાં ભાજપશાસિત રાજ્યોનો સમાવેશ થાય છે.દલિત વિરુધ્ધ વધુ અપરાધ થા હોય તેવા રાજ્યોમાં ભાજપ કે પછી તેના સહયોગી શાસન સંભાળે છે.આંકડા પ્રમાણે ૨૦૧૬માં અનુસુચિત જાતિના લોકો સામેના અપરાધમાં ૫.૫ ટકાનો વધારો થયો છે.

ક્રાઇમ રેટ દર પ્રમાણે જોવામાં આવે તો મધ્યપ્રદેશ મોખરે છે. પ્રતિ લાખ પ્રમાણે વર્ષ ૨૦૧૪માં મધ્યપ્રદેશમાં અનુસુચિત જાતિ વિરુધ્ધ અપરાધના ૩૨૯૪ કેસ દાખલ થઇ ચુક્યા છે.વર્ષ ૨૦૧૫માં ૩૫૪૬ તો ૨૦૧૬માં ૪૯૨૨ કેસો નોધાયા છે.મધ્યપ્રદેશમાં એક દાયકાથી શિવરાજસિંહ ચૌહાણના નેતૃત્વ હેઠળ ભાજપ શાસન છે.ગયા વર્ષે રાજ્યના આંકડામાં ૧૨.૧ ટકા વધારો નોધાયો છે.

યાદીમાં તે પછીના ક્રમે રાજસ્થાન આવે છે. ત્યાં દલિતો સામેના અપરાધમાં ૧૨.૬ટકાની વૃધ્ધિ નોધાઇ છે.રાજસ્થાનમાં વર્ષ ૨૦૧૪માં ૬૭૩૫,૨૦૧૫માં ૫૯૧૧ અને ૨૦૧૬માં ૫૧૩૬ કેસો નોધાયા છે.ગોવા યાદીમાં ત્રીજા ક્રમે આવે છે. જો કે ગોવામાં વર્ષ ૨૦૧૪માં આ જ પ્રકારના માત્ર ૧૩ અને ૨૦૧૫માં ૧૧ કેસો નોધાયા હતા.આંકડાની યાદીમાં આરંભે આવેલા રાજ્યોના નામ છે તેમાં ભાજપ શાસન સંભાળે છે.

યાદીમાં બિહાર ચોથા ક્રમે છે. અહી ભાજપના સમર્થનથી નીતિશકુમારની સરકાર ચાલી રહી છે.બિહારમાં ગયા વર્ષે આ પ્રકારના ૫૭૦૧ કેસો નોધાયા હતા. વર્ષ ૨૦૧૬માં સમગ્ર દેશમાં નોધાયેલા કેસ પૈકી બિહારમાં નોધાયા હતા.બિહારમાં પહેલાં જેડીયુ-રાજદની સરકાર હતી. પરંતુ સમીકરણ બદલાંતા હાલ ભાજપ-જેડીયુની સરકાર છે.

## જાણવા જેવું !

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઇન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઇ ધરાવે છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.

# બોમ્બે હાઇકોર્ટે ટિપ્પણી કરી કે લોકો પ્રતિભાવ આપે તો હત્યાની ધમકી મળે છે પરિણામે દેશની છબી ખરડાય છે

આ દેશમાં કલાકારો અને બીજાઓને ખુલ્લેઆમ ધમકીઓ અપાય છે.અને પોતાનો મત વ્યક્ત કરવા બદલ લોકો પર હુમલા થઇ રહ્યા છે. એને કારણે ભારત જેવા લોકશાહી દેશની બહુ કંગાળ છબી ઊભી થાય છે.સંજય લીલા ભણસાલીી વિવાદાસ્પદ ફિલ્મ પધ્માવતી સંદર્ભમાં ઉક્ત ટિપ્પણી કરતાં બોમ્બે હાઇકોર્ટ જણાવ્યુ હતું કે દિગ્દર્શક પોતાની ફિલ્મ(પધ્માવતી) રીલીઝ નથી કરી શકતા અને એની અભિનેત્રી દીપીકા પ્રદુકોણને હત્યાની ધમકી મળી છે.અનુક્રમે રેશનાલિસ્ટ નરેન્દ્ર દાભોળકર અને ગોવિંદ પાનસરેની હત્યાના કેસની તપાસ ચલાવતી સીબીઆઇ અને રાજ્યની સીઆઇડીની અત્યાર સુધી આ કેસના મુખ્ય શકમંદોની ધરપકડ ન કરવા બદલ વડી અદાલતે ઉધડો લીધો હતો. આ દેશમાં એવી પરિસ્થિતિ ઊભી થઇ છે કે જ્યું લોકો પોતાનો મત વ્યક્ત કરી નથી શકતા. જ્યારે પણ કોઇ પોતાનો મત મુકવાનો પ્રયાસ કરે ત્યારે સાર્વત્રિક વિરોધ શરુ થઇ જાય છે. એ રાજ્ય માટે સારુ નથી.એવી ટકોર ન્યાયાધીશ ધર્માધિકારીએ કરી હતી.

આજે ગમે તે વ્યક્તિ અભિનેત્રીની હત્યા કરવાની વાત કરે છે.ખુલ્લેઆમ ધમકીઓ, કેટલા અસામજિત તત્વો આવી પરિસ્થિતિ કે વાસ્તવિકતા જાણ્યા વગર વિરોધ કરવા ઉતરી આવે છે.આ સ્થિતિ કાયદો અને વ્યવસ્થા માટે ખુબ જ જોખમી છે.બીજા ક્યા રાજ્યોમાં કલાકારોને ધમકીઓ અપાય છે.અમને લોકશાહી તરીકે ભારતની પ્રતિષ્ઠા ખરડાય છે તેના વિશે બહું ચિંતા થાય છે.

# પધ્માવતી વિવાદ : સેન્સર બોર્ડે કહ્યુ કે ઇતિહાસકારોની ટીમ ફિલ્મ નિહાળશે

પદ્માવતી ફિલ્મ બાબતે ચાલી રહેલા વિવાદ વચ્ચે સેન્સર બોર્ડના વડા પ્રસુન જોશીએ જણાવ્યુ હતું કે નિષ્ણાંતોની ટીમ ફિલ્મને જોશે. તે ટીમમાં ઇતિહાસકારો પણ સામેલ કરવામાં આવેલા છે.ફિલ્મ નિર્માતાઓએ તે પછી સેન્સર બોર્ડને અરજી આપીને સમજાવવું પડશે કે તેમની ફિલ્મ કલ્પનાઓને આધારીત છે કે ઇતિહાસ સાથે તેને કોઇ સબંધ છે?સી.પી.જોશી પણ સંસદીય પેનલ સમક્ષ હાજર રહ્યા હતા.તેઓ પણ ભાજપના છે. તેમણે એ વાતનો સ્વીકાર કર્યો કે ભણસાલી રાણી પધ્માવતીમાં લોકોના રહેલા વિશ્વાસ અને આસ્થાને સમજવામાં નિષ્ફળ રહ્યા છે.ભણશાલીને પ્રશ્નોત્તરી માટે બોલાવનારી સંસદીય સમિતિના સભ્ય અડવાણીએ કહ્યુ હતું કે ફિલ્મ નિર્માતાનું ક્રોસ એક્ઝામિનેશન બેઠકના એજન્ડામાં નહોતું.સમિતિ પાસે ઘણાં કામ છે અને બિન સુંસગત મુદ્દા હાથ પર ના લેવા જોઇએ.

# શસ્ત્ર દળો રાજનીતિથી દુર રહીને શ્રેષ્ઠ કામ કરી શકે :સેનાને રાજનીતિથી દુર રાખો : જનરલ બિપીન રાવત

ભુમિદળના વડા જનરલ બિપીન રાવતે કહ્યુ હતું કે સશસ્ત્ર દળોનં રાજનીતિકરણ કરવામાં આવ્યુ હતું.પરંતુ હવે તેને રાજનીતિથી દુર રાખવા જોઇએ.જનરલ રાવતે કહ્યુ હતું કે ગતિવંત લોકતંત્ર માટે સેનાને રાજનીતિથી દુર રાખવી જોઇએ. સેનાનું રાજનીતીકરણ થઇ રહ્યું હોવાનું અને જોઇ રહ્યા છીએ. મને લાગે છે કે આપણે ખુબજ બિનસાંપ્રદાયિક માહોલમાં કામ કરી રહ્યા છીએ.આપણુ આ જ ગતિવંત લોકતંત્ર છે. જેમાં સેનાને રાજનીતિથી દુર રાખવી જોઇએ. આ અંગે વધુ સ્પષ્ટતા કરવાનો તેમણે ઇન્કાર કર્યો હતો.યુનાઇટેડ સર્વીસ ઇન્સ્ટીટયુટના કાર્યક્રમમાં બોલતાં જનરલ રાવતે કહ્યુ હતુ કે જુના જમાનામાં એવો નિયમ હતો કે સેનામાં મહિલા અને રાજનીતી વિશે ચર્ચા જ થતી ન હતી. પરંતુ આ બંન્ને વિશે ચર્ચા થવા લાગી છે જે ન થવું જોઇએ.જો કે સાંપ્રત પરિસ્થિતિમાં સેનાને રાજનીતીમાં ઘસેડી લાવવાનુ રાજકારણ રમાઇ રહ્યું છે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




# કચ્છ,સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ૬૮% મતદાન થયું

ગુજરાત વિધાનસભાની ચુંટણીઓના પહેલા તબક્કામાં કચ્છ,સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં કુલ ૬૮ ટકા મતદાન થયું હોવાના સમાચારો છે. મતદાન એકંદરે શાંતિપુર્ણ અને કોઇપણ મોટા અનિચ્છનીય બનાવો વગર સંપન્ન થયું હતું જો કે કેટલાક બુથો પર ઇવીએમ મશીનોમાં ખામીઓ બહાર આવતાં તેને બદલવામાં આવ્યા હતા.કોગ્રેસે આરોપ મુક્યો હતો કે ઇવીએમ મશીન મોબાઇલ ફોનના માધ્યમથી બ્લુ ટુથ સાથે જોડૌયેલા માલુમ પડ્યા હોવાની ફરિયાદ કરી હતી.જ્યારે ચુંટણી પંચે તેને નકારી કાઢ્યો હતો.


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

***યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ***

**એક્સ.સીની.કન્સલ્ટન્ટ,**
**રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ**
**એક્સ.સીની.કન્સલ્ટન્ટ**
**મોરારજી દેસાઇ આરોગ્યધામ,**
**હેલ્થ-વેલ્થ પ્લાનર**
**ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર**
**મો.૯૩૭૬૧ ૦૦૮૯૮**
E.mail : drhamparikh@yahoo.co.in


# ગુજરાતની ચુંટણીએ રાહુલ ગાંધીને નેતા બનાવી દીધા : શિવસેના



શિવસેનાએ કહ્યુ હતું કે ગુજરાત વિધાનસભાની ચુંટણીના પ્રચારથી રાહુલ ગાંધી નેતા બની ગયા છે,ને એટલે પ્રચાર દરમિયાન કોગ્રેસ ઉપાધ્યક્ષની હિંદુત્વને જીતવા માટેની કોશીશ અંતગર્ત મંદિરોની મુલાકાતોને ભાજપે આવકારવી જોઇએ.ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધી ગુજરાતમાં ચુંટણી પ્રચાર જોરશોરથી કરી રહ્યા છે.ગુજરાતમાં પ્રથમ તબક્કાની ચુંટણી યોજાવાની છે.

રાહુલ ગાંધી ચુંટણી પ્રચાર દરમિયાન ગુજરાતમાં અનેક મંદિરોની મુલાકાતે જઇ આવ્યા છે.જેનાથી કોગ્રેસને વિશ્વાસ છે કે ભાજપના હિંદુત્વ કાર્ડ સામે પોતાને ચુંટણીમાં લાભ થશે. શિવસેનાના મુખપત્ર સામનામાં લખાયું છે કે જે રાજ્યમાં ભાજપની જીત નિશ્ચિત હોય છે એવા ગુજરાત રાજ્યમાં ચુંટણીના પ્રચારમાં વડાપ્રધાન મોદી થાકેલા જોવા મળે છે.પરંતુ તેનાથી ઉલટું રાહુલ ગાંધી એક અગ્રિમ નેતા તરીકે ઉભરી આવ્યા છે.સંપાદકીયમાં લખ્યું છેકે આ ચુંટણીએ સિધ્ધ કર્યુ છે કે રાહુલ ગાંધી પપ્પુ નથી. ભાજપના જ સાથી પક્ષે આ અંગ કહ્યુ હતું કે રાહુલ ગાંધીના ઉભરતા નેતૃત્વને ભાજપે ખુલ્લા દિલે આવકારવું જોઇએ.શિવસેનાએ કહ્યુ છે કે કોગ્રેસની હાલત દેશભરમાં ખરાબ છે. પરંતુ તેમ છતાં રાહુલ ગાંધી ભાજપ માટે પડકાર બની રહ્યા છે તે હકીકત છે.

શિવસેનાએ કહ્યુ હતું કે ભાજપ રાહુલ ગાંધી મંદિરોની મુલાકાતે જઇ રહ્યા છે તેનાથી રોષે ભરાય છે પણ વાસ્તવમાં ભાજપે તેમની આ હરકતને આવકારવી જોઇએ.



# દેશમાં ૨૦૧૬ દરમિયાન ૬૧૯૭૪ રમખાણોના કેસ નોધાયા :એનસીઆરબી

દેશમાં ૨૦૧૬ દરમિયાન ૬૧૯૭૪ રમખાણોના કેસ નોધાયા છે.એનસીઆરબીના અહેવાલમાં જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૫ને મુકાબલે કેસમાં પાંચ ટકાનો ઘટાડો નોધાયો છે. અહેવાલમાં જણાવ્યા પ્રમાણે વર્ષ દરમિયાન દેશદ્રોહના ૩૫ કેસો નોધાયા હતા.હરિયાણામાં દેશદ્રોહના સૌથી વધુ ૧૨ કેસ નોધાયા હતા.ઉત્તર પ્રદેશમાં ૬ કેસ નોધાયા હતા.રમખાણ અને જુથબંધીના નોધાયેલા કુલ ૬૧૯૭૪ કેસ પૈકી બિહારમાં સૌથી વધુ કેસો ૧૧૬૧૭ નોધાયા હતા.ઉત્તરપ્રદેશમાં ૮૦૧૮ તો મહારાષ્ટ્રમાં ૭૮૯૮ કેસ નોધાયા હતા.દેશદ્રોહના નોધાયેલા કુલ ૩૫ કેસો પૈકી કર્ણાટક અને કેરળમાં ૩-૩ દિલ્હી-તેલંગાણા અને મધ્યપ્રદેશમાં બે-બે કેસ તો આંધ્ર,હિમાચલ,ઓડીશા અને પશ્ચિમ બંગાળમાં એક એક કેસ નોધાયો હતો ૨૦૧૬માં પોલીસ લોકઅપમાં મૃત્યુના ૬૦ કેસો નોધાયા હતા.તે પૈકી ૧૨ કેસો મહારાષ્ટ્રમાં, ગુજરાત,અને ઉત્તરપ્રદેશમાં ૯-૯ કેસો,મધ્યપ્રદેશમાં પાંચ તો પંજાબમાં પાંચ કેસ નોધાયા હતા


**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૭૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# ગુજરાત વિધાનસભાની ચુંટણીઓ નો અંત : એક્ઝીટ પોલના સર્વે પ્રમાણે ભાજપની વિજય પતાકા ફરી લહેરાશે

ગુજરાત વિધાનસભાની ચુટણીઓની છેલ્લા તબક્કાનું મતદાન પુરુ થયા બાદ કેટલાક સર્વેમાં દર્શાવાયું હતું કે ગુજરાતમાં ફરીથી ભાજપનો વિજય થશે.અને તેને સ્પષ્ટ બહુમતી મળશે.ગુજરાત વિધાનસભાની ચુંટણી નરેન્દ્ર મોદી માટે પ્રતિષ્ઠાના જંગ બરાબર હતી.એક તરફ કોગ્રેસના રાહુલ ગાંધીએ સમગ્ર ગુજરાતને ચુંટણી સભાઓ ભરીને ધમરોળ્યું હતું. બીજી તરફ પાટીદાર અને ઓબીસી નેતાઓએ ભાજપને શિકસ્ત આપવા માટે ભરપુર પ્રયાસો આદર્યા હતા.જો કે એક્ઝીટ પોલો તરફથી જે પ્રકારે ગણતરી કરવામાં આવી રહી છે તે પ્રમાણે વિરોધી પરિબળોને જોઇએ તેટલા પ્રમાણમાં ફાવ્યા નથી. જો કે નોટબંધી-જીએસટી-મોંઘવારી વિગેરે મહત્વના પ્રશ્નો પર પ્રજાએ શું વિચાર્યુ છે તે તો મતદાન ગણતરી થાય ત્યારે ખબર પડશે.પરંતુ પોલના અનુમાનો એ બધી બાબતોનો વિચાર કર્યો નથી. જો કે ઈવીએમ મશીન અને તેની કેટલીક ખામીઓ બરકરાર રહી છે અને તેની અસંખ્ય ફરિયાદો આવી હતી. પરંતુ ચુંટણી પંચે તે બધીજ ઉકેલી હતી તેવું જણાવ્યું હતું. જ્યારે વિરોધીઓ દ્વારા હારના ભયે આવા પ્રશ્નો ઉભા કરાયા છે તેવું પણ જણાવ્યુ હતું.કોગ્રેસને કોઇ જાદુઇ ચમત્કાર મેજીક ફીગર આપી શકે તેવું હાલનો વર્તારો જણાવે છે.બાકી ભાજપનું અંકગણિત સોને પાર કરી જશે.

## પાકિસ્તાન સાથે ચુંટણી મુદ્દે હાથ મિલાવ્યાનું વડાપ્રધાને જુઠ્ઠાણુ ફેલાવ્યુ



વડાપ્રધાન મોદીએ કોગ્રેસના નેતાઓ દ્વારા ગુજરાતની ચુંટણી મુદ્દે પાકિસ્તાન સાથે હાથ મિલાવ્યા હોવાના કરેલા આક્ષેપોની ભુતપુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે ઉગ્ર ટીકા કરી હતી.મનમોહનસિંહે આક્ષેપ કર્યો હતો કે મોદીએ રાજકીય ફાયદો લેવા માટે જુઠ્ઠાણુ ચલાવ્યુ અને ગપગોળા ફેલાવ્યા.આ માટે મોદીએ માંફી માંગવી જોઇએ તેવી તેમણે માંગણી કરી છે.મનમોહનસિંહે મોદી પર પ્રહાર કરતો વિડીયો ફરતો કર્યો હતો. અને કહ્યુ હતું કે જાહેર સેવકોના રાષ્ટ્રવાદ સામે પ્રશ્ન કરવો એ અયોગ્ય છે.આ વીડીયોમાં મનમોહને કહ્યુ હતું કે બીજા કોઇ નહીં,પણ સ્વયં વડાપ્રધાને રાજકીય ફાયદો લેવા માટે જુઠ્ઠાણું અને ગપગોળા ચલાવ્યા તેનાથી હું ખુબજ વ્યથિત અને ક્રોધિત છું.

ગુજરાતમાં હાર ભાળા ગયેલા વડાપ્રધાને બેફામ આક્ષેપો કર્યા છે.મનમોહને કહ્યુ કે તેઓ આશા વ્યક્ત કરે છે કે વડાપ્રધાન મોદી આ પદની ગરિમા જળવાય તેવી પરિપક્વતા અને આદર દાખવશે અને ભુલભરેલા આક્ષેપોથી ફાયદો મેળવવામાં તેમની શક્તિ નહીં વેડફે.મનમોહનસિંહે કહ્યુ કે મને ખરેખર આશા છે કે મોદી તેમના આવા વિચારો રજુ કરવા બદલ અને ટોચના પદની ગરિમા જાળવવા દેશની માંફી માંગશે.

## મતદારોને ખુશ કરવા તમામ પ્રકારની વ્યવસ્થાઓથી કાર્યકરો ઉત્સાહિત

ચુંટણી આવે એટલે અમુક લોકોને ઘી-કેળા.લોકશાહીના પર્વ સમાન મતદાનના દિવસે પોતાની તરફેણમાં મતદાન થાય તે માટે દરેક પક્ષો તરફથી તેમના તરફથી યથાશક્તિ વ્યવસ્થા કરવામાં આવે છે.ચુંટણીમાં ડોર ડુ ડોર પ્રચાર કરવો પોતાના નજીકના લાગતા લોકોના ટોળા એકત્રિત કરવા,મતદાન મથક નજીક ટેબલ ઉપર વ્યક્તિઓને બેસાડવી,ઘેર ઘેર વોટીંગ સ્લીપ પહોચાડવી,પાર્ટીના નિશાનો, પેમ્ફલેટ વહેચવા,પ્રકાશન સામગ્રી,ચુંટણી પ્રચારમાં લાગેલા લોકોને માટે નાસ્તા પાણી વિગેરેની વ્યવસ્થા કરવી વિગેરે.આ બધાની અંદર જોતરાયેલા લોકો માટે એક વ્યવસ્થિત ધંધો છે અને આ સમયે કમાઇ લેવાનો પણ તેઓ વ્યવસ્થિત પ્રયત્ન કરતાં હોય છે.આ ઉપરાંત કેટલાક વિસ્તારોમાં દારુની પોટલીઓ,બોટલો વિગેરે પહોચાડવામાં આવવી,નાણાં આપવા આ બધુ ચાલતું જ રહે છે.ચુંટણીમાં ચુંટાતા લોકો આ બધું જ જાણતા હોય છે.માત્ર તેઓ ચુંટાઇને ઉચા સ્તરે પહોચે એટલે ભ્રષ્ટાચારની બડાશો ફેકતા ભાષણો લલકારે છે ખરેખર તેઓ ભ્રષ્ટાચાર આદરીને જ ચુંટાતા હોય છે. ચુંટણી પંચે નક્કી કરેલી મર્યાદામાં તો કોઇપણ ઉમેદવાર રકમ ખર્ચીને ચુંટણી જીતી શકતો નથી. પછી આ બધું ક્યાંથી અને કેવી રીતે આવે છે તે સહુ કોઇ જાણે છે. પક્ષો પાસે આવતું આવું ફંડ દુધે ધોઇને તો આવતું નથી.પરંતુ બધા સુફિયાણી વાતો કરીને લોકોના મન બહેલાવે છે.અને લોકો તેનો સહજ રીતે સ્વીકાર કરી લે છે.નીતિ નિયમોને નેવે મુકીને જ લડાતી આ ચુંટણીઓમાં પછી કેવી રીતે સજ્જનો પ્રવેશે ?


ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૦૮૦૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


## નોટબંધી-જીએસટીના કારણે એમબીએ,એન્જીનીયરીંગની ડીગ્રીઓ રદ્દી બની ગઇ : એસોચેમ

ઈન્ડસ્ટ્રી એન્ડ કોમર્સ એસો.એસોચેમ તેના એક રિપોર્ટમાં કહ્યુ છે કે બી-શ્રેણીની બિઝનેસ સ્કુલોને પોતાના વિદ્યાર્થીઓને રોજગારી અપાવવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.સંગઠનના રિપોર્ટ અનુસાર માત્ર ૨૦ ટકા વિદ્યાર્થીઓને રોજગારી મળી રહી છે.આઝાદ ભારતમાં જે ઈન્ફાસ્ટ્રકચર તૈયાર કરવા માટે અનેક દાયકાઓ સુધી એન્જીનીયરીંગની ડીગ્રીએ મહત્વની ભુમિકા નિભાવી તો ૧૯૯૧થી અત્યાર સુધીમાં ઉદારવાદની દિશામાં વેગ આપવાનુ કામ મેનેજમેન્ટ ડીગ્રી એ કર્યુ છે.પરંતુ તાજેતરમાં આંકડાઓ જોતાં એસોચેમે કહ્યુ છે કે નવેમ્બર ૨૦૧૬માં નોટબંધી-જીએસટી પછી નબળી બિઝનેસ ધારણાઓ અને નવી પરિયોજનામાં ઘટાડાના કારણે આ બિઝનેસ સ્કુલોના વિદ્યાર્થીઓ માટે રોજગારીની તકો ઓછી થઇ રહી છે.એસોચેમના અનુસાર બિઝનેસ સ્કુલો અને એન્જીનીયરીંગ કોલેજોના વિદ્યાર્થીઓને મળનારા સેલેરી પેકેજની ઓફરમાં પણ ગત વર્ષની તુલનામાં ૪૦-૪૫ ટકાનો ઘટાડો આવ્યો છે.જો કે આ આંકડા દેશની પ્રિમિયર ઈન્સ્ટીટ્યુટ આઈઆઈએમના આંકડા સામેલ નથી.

## EVM સુરક્ષિત છે, હારનારાઓ ખોટા આક્ષેપ કરે છે : પુર્વ મુખ્ય ચુંટણી કમિશ્નર

ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન-ઈવીએમ કેટલા વિશ્વાસપાત્ર છે તે વિષય પર થતી અનેક ચર્ચાઓ વચ્ચે પુર્વ મુખ્ય ચુંટણી કમિશ્નર ટી.એસ.ક્રિશ્નામુર્તિએ કહ્યુ હતું કે આ તમામ ઈવીએમ પર પુરો વિશ્વાસ કરી શકાય તેમ છે.અને દરેક ઈવીએમ સુરક્ષિત છે.મશીનની ક્યારેય ભુલ થતી નથી.પરંતુ વ્યક્તિની ભુલ થાય છે.ઈતિહાસ સાક્ષી છે કે, ઈવીએમ અમલમાં આવ્યા બાદ હજુ સુધી જે લોકોએ તેની સામે ફરિયાદ કરી છે તે તમામ લોકો હારેલા પક્ષમાંથી છે.

તેમણે ઉમેર્યુ હતું કે ફરિયાદ કરનારાઓનો ઈતિહાસ જોઇલો, તેઓ હંમેશા હારેલા પક્ષમાંથી હોય છે. જયલલિતા અને અમરિંદસિંહ આ પહેલા પણ સુપ્રીમ કોર્ટના દ્વારે ગયા હતા. તેઓ એ પછીની ચુંટણીમાં વિજેતા થતા ચુપ થિ ગયા હતા. આ વખતે હવે અમરિદસિહ સત્તામાં છે.જેઓ ઈવીએમ થકી જ ચુંટાયા છે. ઈવીએમના ભરોસાને લઇને કૃષ્ણમુર્તિએ કહ્યુ કે જ્યાં સુધી કોઇ સાબિત ન કરી શકે કે તેમાં છેડછાડ કરવામાં આવી છે ત્યાં સુધી મારો વિશ્વાસ અટલ છે.

## ગુજરાતની વિધાનસભાની ચુંટણીમાં જો ભાજપ હારી જાય તો કોની જવાબદારી ?

ભાજપના સાંસદ અને ફિલ્મ અભિનેતા શત્રુઘ્નસિંહાએ ભાજપની કાર્યશૈલી પર સવાલો ઉઠાવતાં કહ્યુ હતું કે ગુજરાતની ચુંટણીમાં તમામ ટ્રીક,નખરાં,ખોટા નિવેદનો અને વચનો ખતમ થયા હોય તો વન મેન શો અને ટુ મેન આર્મી દિલ્હી પરત આવી જાય.તેમણે વડાપ્રધાન મોદી અને ભાજપ અધ્યક્ષ શાહ તરફ આ ઈશારો કર્યો હતો.આપણે આ ચુંટણી હારીશું તો કોણ જવાબદારી લેશે ?તાલી કપ્તાન કો ઔર ગાલી ભી કપ્તાન કો. જયહિન્દ


ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.